# હરણાવ જળાશયના અસરગ્રસ્તોએ સરકાર સામે બાયો ચઢાવી

## ૨૧ ખાતેદારોને ૪૦ વર્ષથી જમીન કે મકાન ન અપાયાનો આક્ષેપ : ધારાસભ્યની આગેવાની હેઠળ કલેક્ટરને આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૨૬

વિજયનગર તાલુકાના વણજ ગામના ૨૧ ખાતેદારોની માટે સોમવારે સ્થાનિક ધારાસભ્યની આગેવાની હેઠળ હિંમતનગર આવી જિલ્લા ફળદ્રુપ જમીન સંપાદિત કરી લીધી હતી. જોકે તે સમયે આ ખેડૂતોને સરકારે સર્વે નં. ૪૯ અને ૫૫ માં આજદિન સુધી હરણાવ જળાશયના આ ૨૧ અસરગ્રસ્તોને તસુભાર જમીન કે પ્લોટ મળ્યા નથી થઈને હિંમતનગર આવી જિલ્લા કલેક્ટર કચેરી આગળ સુત્રો પોકારી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.



તસવીર : મગનજી વણઝારા

ફળદ્રુપ જમીન સરકારે હરણાવ ડેમ બનાવવા માટે ફોસલાવી પટાવી જમીન લઈ લીધા બાદ આજે ૪૦ વર્ષ પછી પણ આ અસરગ્રસ્તોને જમીન કે મકાન ન આપીને તેમની સાથે વિશ્વાસઘાત કર્યો હોવાની આ આદિવાસી ખાતેદારો લાગણી અનુભવી રહ્યા છે. ત્યારે તેમણે પોતાના હક્કો કલેક્ટરને આવેદનપત્ર આપીને ન્યાય માગ્યો હતો.

આ અંગે ધારાસભ્ય અશ્વિન કોટવાલ તથા અન્ય અસરગ્રસ્તોએ આપેલા આવેદનપત્રોમાં કરેલા આક્ષેપ મુજબ વર્ષ ૧૯૭૬-૭૭માં તત્કાલીન સરકારે વણજ ગામ પાસે હરણાવ ડેમ બનાવવા માટે વણજ ગામના ૨૧ આદિવાસી ખેડૂતોની જમીન આપીશુ તેમ કહી વૃક્ષોનું માર્કિંગ કરી પ્લોટોનો નકશો પણ બનાવ્યો હતો. તથા પીવાના પાણી માટે કૂવો બનાવ્યો હતો. જે આજે ૪૦ વર્ષ પછી પણ હયાત છે.

બીજી તરફ ગત તા. ૧૪-૧૦-૧૯૮૧ના રોજ નાયબ વન સરક્ષકે જમીન આપવા માટે કમીટી બનાવવા હમત થયા હોવા છતાં જેને લીધે આ ૨૧ પરીવારોની હાલત ખુબજ કફોડી બની ગઈ છે. જે અંગે અવારનવાર રજુઆતો કરવા છતાં સરકાર અમારા પ્રત્યે કોઈ લાગણી બતાવતી નથી.

આખરે કંટાળીને આ અસરગ્રસ્તોએ સોમવારે સ્થાનિક ધારાસભ્યની આગેવાની હેઠળ મહીલાઓ તથા પુરૂષોએ ભેગા અને આગામી ૧૦ દિવસમાં સરકાર તરફથી હકારાત્મક કાર્યવાહી કરી આ અસરગ્રસ્તોને જમીન અને પ્લોટની ફાળવણી નહી કરવામાં આવે તો કલેક્ટર કચેરી આગળ સામુહિક ભુખ હડતાલ પર બેસવાનો નિર્ણય કરી આત્મ વિલોપન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# માલપુરના અણિયોર નજીક વાત્રક જમણા કાંઠાની કેનાલમાં ભંગાણ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લામાં સિંચાઈ વિભાગ દ્વારા મોટા પ્રમાણમાં કેનાલ રિપેરિંગ, સફાઈ અને ચેકડેમમાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટ્રાચાર આદરવામાં આવ્યો હોવાની અનેક બૂમો ઉઠી છે. ત્યારે માલપુર તાલુકાના અણીયોર ગામ નજીકથી પસાર થતી વાત્રક જમના કાંઠાની કેનાલમાં ભંગાણ સર્જાતા લાખ્ખો લીટર પાણીનો વ્યય થતા ખેડૂતો સહીત પ્રજાજનોમાં ભારે રોષ ફેલાયો હતો.

વાત્રક ડેમમાંથી રવિ વાવેતરને સિંચાઈનો લાભ મળે તે માટે જમણા કાંઠાની કેનાલમાંથી પાણી છોડવામાં આવતા ખેડૂતોનો સિંચાઈનો લાભ મળતા ઘઉં સહીત પાકને પાણી અને ખાતર આપવાની કામગીરીમાં જોતરાયા હતા. બુધવારે સવારે અણીયોર ગામ નજીક કેનાલનો સ્લેબ તૂટી જતા ગાબડું પડતા લાખ્ખો લીટર પાણી વોધમાં વહી જતા ખેડૂતોમાં આક્રોશ જોવા મળ્યો હતો. જવાબદાર તંત્ર નિંદ્રાધીન હોવાની સાથે પાણીનો પ્રવાહ ઓછો થયા બાદ જ સમારકામ હાથ ધરવામાં આવશે હોવાનું સિંચાઈ વિભાગના સૂત્રો પાસેથી માહિતી મળી હતી.



તસવીર : મેહુલ જોષી

પાણીના ફુવારા ઉડાડતા ઘટનાસ્થળે લોકોના ટોળટોળાં ઉમટ્યા હતા.

# મોડાસાના ડીપ વિસ્તારમાં બાયો મેડિકલ વેસ્ટનો જથ્થો ખુલ્લામાં નાખી દેતા નગરજનો માટે ખતરારૂપ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાનું મુખ્યમથક મોડાસા શહેર આરોગ્ય નગરી તરીકે જાણીતું છે. એકવાર ખુલ્લામાં મોડાસાના ડીપ વિસ્તારમાં ખુલ્લામાં બાયોમેડિકલ વેસ્ટ વપરાયેલી સીરીંજોનો મોટો જથ્થો પડ્યો વેસ્ટથી અનેક પ્રકારની ગંભીર બીમારીઓ થવાનો ભય પેદા થતા બાયોમેડિકલ વેસ્ટને ખુલ્લામાં નાખી દેનારને ઝડપી પાડી



તસવીર : મેહુલ જોષી

મોડાસામાં ડીપ વિસ્તરામાં મોટા પ્રમાણમાં ખાનગી હોસ્પિટલો આવેલી હોવાથી અનેકવાર આ વિસ્તારમાં ખુલ્લામાં બાયોમેડિકલ વેસ્ટ પડેલો જોવા મળ્યો હોવાની અનેક ઘટનાઓ બની છે. ત્યારે બુધવારે વધુ હોવાથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

જીપીસીબીના નિયમોનો ઉલાળિયો અને બાયોમેડિકલ વેસ્ટનો યોગ્ય નિકાલ કરવામાં આવતો ન આવતા ખુલ્લામાં નાખી દીધેલા બાયોમેડિકલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની માંગ નગરજનોએ કરી હતી. જિલ્લા આરોગ્ય વિભાગ સમગ્ર બાબતે અંધારામાં હોવાનું બહાર આવતા આરોગ્ય વિભાગની કામગીરી સામે પણ અનેક પ્રશ્નાર્થ પેદા થયા હતા.

# કાણોદરમાંથી બે હજારની ૧૧ બનાવટી ચલણી નોટો સાથે ત્રણ ઈસમો ઝડપાયા



તસવીર : કાંતિલાલ લોધા

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા ૩૧ મી ડિસેમ્બરના અનુસધાને દારૂની હેરાફેરી અટકાવવા કડક પગલાં લેવાની બનાસકાંઠાના પોલીસ અધિક્ષક પ્રદીપ શેજુળની સુચના મુજબ તેમજ પાલનપુરના નાયબ પોલીસ અધિક્ષક એ. આર. જનકાતના માર્ગદર્શન મુજબ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનના પી. એસ. આઈ. એ. વાય. પટેલ તેમની ટીમ સાથે કાણોદર વિસ્તારમાં બાતમીના આધારે ચિસ્તીયા મોબાઈલ ઝેરોક્ષ સેન્ટર પાસે સુલતાન અલી હસનભાઈ કુગસિયા (રહે. કાણોદર), સેંધાભાઈ કેશરભાઈ જુવા (રહે.ચંગવાડા) તથા ગલબાભાઈ રામજીભાઈ જુડાલ (રહે. વાસણા(જ)વાળાઓ પાસેથી રૂપિયા બે હજારના દરની ૧૧ નોટો કિંમત રૂપિયા ૨ ૨૦૦૦ની બનાવટી ચલણી નોટો તથા સાધન સામગ્રી મળી આવતાં પોલીસે આ આરોપીઓની ધરપકડ કરી આઈપીસી કલમ ૪૮૯(ક),(ખ), (ગ ), (ઘ), ૧૧૪ મુજબનો ગુનો દાખલ કરી દેશના અર્થતંત્રને નુકસાન પહોંચાડનારા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વદરાડમાં ડીપી નજીક થયેલી ગંદકીથી ભારે મુશ્કેલી

## પંચાયત સત્તાવાળાઓ સત્વરે ગંદકી દૂર કરી રસ્તો ખુલ્લો કરે

હિંમતનગર, તા. ૨૬

પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામે આવેલ પલ્લાસર જતા રોડ પરની ડીપીની ફરતે આ વિસ્તારના લોકોએ ગંદકી કરીને અહીંથી જતો રસ્તો બંધ કરી દીધો છે. ઉપરાંત વાહનોની સતત અવરજવરને કારણે ગામમાંથી આવતા અને જતાં લોકોને સામેથી આવતા વાહનો ન દેખાતા ઘણી વખત અકસ્માત થવાની ભીતિ સેવાઈ રહી છે.

આ અંગે ગામના એક જાગૃત નાગરિકે જણાવ્યું હતું કે વદરાડ ગામે આવેલ તથા પલ્લાસર જતા રોડ પર ઘણા સમયથી વીજ કંપની દ્વારા ડીપી ઊભી કરવામાં આવી હતી. જો કે તે સમયે ડીપીને ફરતે ફેન્સીંગ ન હોવાને કારણે ગામના ખેડૂતો તથા અન્ય વાહનચાલકો ટ્રેકટર સહિતના સાધનો લઈને અવરજવર કરી શકતા હતા.

પરંતુ આ વિસ્તારના લોકોએ આરોગ્યની પરવા કર્યા વિના ઘન કચરો તથા પ્લાસ્ટિકને ડીપીની આસપાસ ફેંકીને ગંદકીનો ઉપદ્રવ કરી દીધો છે. ઓછામાં પુરું કેટલાંક પશુપાલકોએ આ વિસ્તારમાં ખડકી દીધેલા ઉકરડાને કારણે પલ્લાસર જતો રોડ ખુબ જ સાંકડો બની ગયો છે. જે અંગે ચારેક મહિના અગાઉ આ વિસ્તારમાં લોકોએ સ્થાનિક પંચાયતમાં લેખિત રજૂઆત કરી હતી. તેમ છતાં કોઈ કાર્યવાહી કરાઈ નહીં જેથી પંચાયતની સત્તાવાળાઓને સત્વરે ઘટતી કાર્યવાહી કરીને લોકોનું આરોગ્ય જોખમાય તે પહેલાં આ ગંદકી દૂર કરીને રસ્તો ખૂલ્લો કરવો જોઈએ.

# અરવલ્લી જિલ્લા સહિત મોડાસામાં ખ્રિસ્તી સમુદાયે નાતાલ ધામધૂમથી ઉજવણી

મોડાસા, તા. ૨૬

પ્રેમ, દયા અને કરુણાના અનુયાયી પ્રભુ ઈસુના અવતરણને પાઠવી હતી.

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં વસતા ખ્રિસ્તી દ્વારા પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખ્રિસ્તી સમાજના ભાઈઓ-બહેનો-



રાત્રીના ૧૨ ટકોરે આતશબાજી સાથે ધામધૂમ પૂર્વક આવકારી નાતાલ પર્વની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરી હતી ખ્રિસ્તી સમુદાયના અબાલ,વૃદ્ધ સૌકોઈ નાચગાન અને પ્રાર્થના સભા યોજી ઈસુ ના આગમન વધામણી કરી એક બીજાને મેરી ક્રીસમસ ની શુભેચ્છા બંધુઓના, ઘર, દેવળો તેમજ મિશીનરી શાળાઓને નાતાલ પર્વમાં લાઈટિંગ,ક્રિસમસ ટ્રી સ્ટાર સહીત રોશનીથી શણગારવામાં આવ્યા હતા મોડાસાના મેઘરજ રોડ પર આવેલા ચર્ચ સહીત જીલ્લાભર ના ચર્ચમાં હતો. ખ્રિસ્તી સમુદાય બાળકો સહિત મોટીસંખ્યામાં ઉપસ્થિત રહી પ્રાર્થના કરી હતી.આ પ્રસંગ ચર્ચના પાદરીએ તહેવાર ઉજવવા આવેલ લોકોને ઉપદેશ આપ્યા હતા અને લોકોએ પરંપરાગત નાચગાન કરી હર્ષોલ્લાસ સાથે ક્રિસમસની ઉજવણી કરી હતી.

# કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી સરકારી રેફરલ હોસ્પીટલમાં ફ્રુટ વિતરણ

કાંકરેજ, તા. ૨૫

સ્વ. વડા પ્રધાનશ્રી અટલબિહારી વાજપેયીજીના તેમાં તાલુકા પંચાયત સદસય હંસપુરી બાપજી કાંકરેજ યુવા ભાજપ પ્રમુખ શ્રી ઝેણુભા વાઘેલા



જન્મદિવસ નિમિત્તે કાંકરેજ તાલુકા ભારતીય પાટી જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા શિહોરી રેફરલ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું

શ્રેષ્ઠ વક્તા, શ્રેષ્ઠ કવિ અને શ્રેષ્ઠ નેતા 'ભારતરત્ન' શ્રી અટલ બિહારી વાજપેયીજી ને તેમની જન્મજયંતિ નિમિત્તે કાંકરેજ તાલુકા અને થરાશહેર ભાજપ યુવા મોરચોના તમામ કાર્યકર્તાઓ સાથે મળી શિહોરી રેફરલ હોસ્પિટલમાં જઈ ફળોનુ વિતરણ કરવામાં આવ્યું યુવા ભાજપ થરા શહેર શક્તિસિંહ ઝાલા મહામંત્રી રમેશભાઈ દેવ મંત્રી ભરતસિંહ વાઘેલા સેલ કન્વિનર ભરતસિંહ ડાભી ઈકોલોજી પૂર્વ સરપંચ શ્રી પુનુભા વાઘેલા વડા ડે સરપંચ શ્રી મોબતસિહ વાઘેલા શૈલેશભાઈ રાવલ શિહોરી પુનમસિંહ શિહોરી અલ્કેશભાઈ રણાવાડા વનરાજસિંહ વડા મેઘરાજ દેસાઈ હિંમતસિંહ વડા અમરતભાઈ તથા જયપાલસિંહ વડા તથા યુવા મોરચા કાર્યકર્તાઓ ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા.

# હિંમતનગરમાં જુગાર ધામ પર પોલીસનો દરોડો : બે પકડાયા

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં ચાલતા જુગારધામ પર એ. ડીવીઝન પોલીસે સોમવારે સાંજે દરોડો પાડીને રૂા.૧૧૪૫૦ રોકડ સાથે બે જણાને ઝડપી લઈ તેમની વિરુદ્ધ જુગારધારા અંતર્ગત ફરિયાદ દાખલ કરાઈ છે.

આ અંગે એ. ડીવીઝન પોલીસના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છાપરીયા વિસ્તારમાં શરીફ મિયા ભિખુમીયા મલિક તથા મહેંદી હુસૈન કાસમભાઈ સૈયદ ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમતા હોવાની બાતમીને આધારે પોલીસે સોમવારે સાંજે દરોડો પાડીને બે મોબાઈલ તથા રોકડ મળી અંદાજે રૂા.૧૧૪૫૦ નો મુદ્દામાલ કબજે લઈ બંને જણા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરાઈ હતી.

ઉપરાત એ.ડીવીઝન પોલીસે મોતીપુરા સલાટ વાસમાં રેડ પાડીને રૂા. ૪ હજારની કિંમતના દેશી દારૂના જથ્થાને કબજે લઈ પનાભાઈ માનાભાઈ સલાટની અટકાયત કરી હતી. જોકે પોલીસને જોઈને નરસિંહભાઈ પનાભાઈ સલાટ ભાગી ગયા હતા. જેથી પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

# બાયડ પ્રાથમિક શાળાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો




બાયડ, તા.૨૬

રાજયના શિક્ષણ વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અરવલ્લી જીલ્લામાં આજે વિવિધ પ્રોજેક્ટના ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયા હતાં જેમાં બાયડ ગ્રામ વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાનું લોકાર્પણ પણ કરવામાં આવ્યુ હતુ. ઈ-લોકાર્પણ પ્રસંગે ન.પાનાં પુર્વ પ્રમુખ વરુણ પટેલના હસ્તે શાળાનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.

મુખ્યમંત્રી દ્વારા યોજાયેલ ઈ-લોકાર્પણ કાર્યક્રમ પ્રસંગે જીલ્લામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનાં લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં.જેમા બાયડ ગામ ખાતે આવેલી પ્રાથમિક શાળાનું વિધિવત લોકાર્પણ શાળાના ભૂતપૂર્વ વિધાર્થી અને બાયડ નગર પાલિકાના પુર્વપ્રમુખ વરુણ પટેલના હસ્તે કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે પ્રમુખ વરુણ પટેલે શાળાના બાળકોને સુંદર ભવિષ્ય માટે સખત પરિશ્રમની શીખ આપી હતી. તેમજ બી. આર. સી. ચીરાગભાઈ પટેલ, શાળાના શિક્ષિકા ભારતીબેન પટેલ, તાલુકા કેળવણી નિરીક્ષક સહીત વિધાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ધનસુરામાં ટ્રાફિક સમસ્યા ઉકેલવા બાયપાસ રોડ બનાવવાની માંગ

ધનસુરા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં ટ્રાફિકથી ધમધમતો ધનસુરા ચાર રસ્તા ટ્રાફિકનો પ્રશ્ન વિકટ બની ગયો છે, અકસ્માતોની પરંપરા સર્જાય છે. ૨૪ કલાક ટ્રાફિકથી પ્રજા તંગ આવી ગઈ છે. રોજના પરપ્રાંતના લોડેડ ટ્રકોની વણઝાર લાગે છે. બેફામ દોડે છે. ટ્રાફિક વ્યવસ્થા સાંજ પૂરતી છે. રાત્રિ દરમિયાન અનેક વાહનોની અવરજવર રહે છે, અન્ય વાહનો પણ દોડે છે. દેશના બધા જ રાજયોમાં વાહનો આ રોડ ઉપરથી જાય છે.

ધનસુરામાં બાયપાસ રોડ માટે ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ ત્રિવેણીબેન પટેલની આગેવાની હેઠળ નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ સમક્ષ રજુઆત કર્યા બાદ તેમણે કહ્યા મુજબ ૯૫ ટકા લોકોની સહી કરી મોકલો. આ વિધિ પણ થઈ ગઈ છે. વારંવાર રજુઆતો કરવામાં આવેલ છે. આ ચાર રસ્તા ટ્રાફિકનો પ્રશ્ન દિન પ્રતિદિન વિકટ બનતો જાય છે. અકસ્માતો વધે તે પહેલા બાયપાસ રોડ થાય તે જરૂરી છે. ખાનગી વાહનો રોડ ઉપર ઊભા રહે છે છતાં પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી.

# ધાનેરા પોલીસે ધાનેરા જલારામ સોસાયટીમાંથી દારૂ સાથે મુદ્દામાલ ઝડપાયો

બનાસકાંઠા જિલ્લા પોલીસ પ્રદિપ સેજુળની સુચના તથા શ્રી અજીત રાજયાણ મદદનીશ પોલીસ અધિક્ષક થરાદ વિભાગ તેઓના માર્ગદર્શન મુજબ દારૂના કેશો શોધી કાઢવા માટે કડક સુચના આધારે આર કે પાઠક પી.આઈ ધાનેરા, રાસેગભાઈ ખાનાભાઈ, જસવંતસિંહ કેશરસિંહ, સુરેશભાઈ હરીભાઈ વગેરેએ માણસો સાથે જલારામ સોસાયટીમાં રહેતા ભરતભાઈ ખટાઉમલ ઠકકર રહે.ધાનેરાનાં ઘરમાંથી વિદેશી દારૂ, બિયરની બોટલ નંગ-૩૧૨ રૂ.૩૧,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# ભિલોડામાં આરટીઓના નીતિ-નિયમો નેવે મુકી વાહન હંકારતાં ૧૦ વાહનો પોલીસે ડીટેઈન કર્યા

ભિલોડા,તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં પ્રાઈવેટ વાહન ચાલકો આર.ટી.ઓ.ના નિતી નિયમો નેવે મુંકી વાહનો હંકારતાં ટ્રાફીક પોલીસએ આજે ૧૦ વાહનો ડીટેઈન કર્યા છે. પોલીસે ડીટેઈન કરેલ પ્રાઈવેટ વાહન ચાલકો, માલીકો વિરૂધ્ધ કાયદેસરની દંડનીય કાર્યવાહી હાથ ધરી છે. ટ્રાફીક પોલીસએ લાલ આંખ કરતાં પ્રાઈવેટ વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે. મોટર વ્હીકલ ઍક્ટના કાયદાનો ભંગ કરી આર.ટી.ઓ.ના નિયમો નેવે મુંકીને કાયદાનું પાલન ન કરતાં વાહન ચાલકો દંડાયા હતા. ડ્રાઈવિંગ લાયસન્સ, હેલ્મેટ વિહોણા બાઈક ચાલકો સામે વધુ તપાસ ટ્રાફીક પોલીસ ધ્વારા હાથ ધરાઈ છે.

૩ વાહન ચાલકોને એન.સી. મેમો આપી ટ્રાફીક પોલીસએ રવાના કર્યા હતા. પ્રાઈવેટ વાહન ચાલકો કાયદાની ઐસી-તૈસી કરી આર.ટી.ઓ.ના નિતી-નિયમો નેવે મુંકી પ્રાઈવેટ વાહનોમાં મન ફાવે તેમ મુસાફરો ભરી પુરપાટ ઝડપે હંકારતાં હોવાના કારણે અવાર-નવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે. અમુક પ્રાઈવેટ વાહન ચાલકો પાસે ડ્રાઈવીંગ લાયસન્સ અને વાહનનો વિમો પણ હોતો નથી? ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.આર. સંગાડાની રાહબરી હેઠળ ટ્રાફીક પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ પ્રજાપતી સહિત પોલીસ સ્ટાફ ધ્વારા વાહન ચેકીંગની કામગીરી દરમ્યાન પ્રાઈવેટ વાહન ચાલકો, લાયસન્સ, હેલ્મેટ વિહોણા ચાલકો બેફામ વાહનો હંકારતાં હોવાના કારણે ૧૦ નાના-મોટા વાહનો પોલીસે ડીટેઈન કરી પોલીસ કંપાઉન્ડમાં વાહનો મુંકી દેવાતાં પ્રાઈવેટ વાહન ચાલકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

ભિલોડામાં લોકમુખે ચર્ચાય છે કે પોલીસ તંત્ર ધ્વારા કાયદેસરની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવે તો વધુમાં વધુ વાહનો ઝડપાઈ શકે તેમ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અમુક પ્રાઈવેટ વાહન ચાલકો પાસે ડ્રાઈવિંગ લાયસન્સ પણ હોતું નથી ? વાહનનો વિમો પણ હોતો નથી ? પ્રાઈવેટ વાહન ચાલકો પુરપાટ ઝડપે ગફલતભરી રીતે વાહનો હંકારતાં હોવાથી નિર્દોષ મુસાફરો રાહદારીઓનો મોતના ખપ્પરમાં હોમાઈ જતા હોય છે. ભિલોડા તાલુકા મથક ખાતે બિલાડીના ટોપની માફક મુખ્ય માર્ગોની આજુ-બાજુ દિન-પ્રતિ-દિન દબાણોનું પ્રમાણ વધતાં ટ્રાફીકને અડચણરૂપ ગેરકાયદેસર દબાણો હટાવવાની તાતી જરૂરીયાત હોવાનું જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું.